| | | | | |
|---|---|---|---|---|
| | કેસ દાખલ તારીખ | ૧૦–૨–૨૦૨૬ | | |
| | કેસ નોંધણી તારીખ | ૧૦–૨–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ તારીખ | ૭–૩–૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| GJJN200000672026 | | ૦ | ૦ | ૨૫ |

**વિસાવદરના મે. ચોથા એડીશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : વિસાવદર**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર : ૪૧/૨૦૨૬**

**આંક–**

**અરજદાર/આરોપી:–** રાજેશભાઈ છગનભાઈ ચાવડા,
ઉ.વ.આ.૨૫, ધંધો–પ્રા.નોકરી,
રહે.નવી ધારી ગુંદાળી, તા.ભેંસાણ,
જી. જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જુનાગઢ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા:–** સ ર કા ર શ્રી
સમન્સ થ્રુ સરકારી વકીલ

**વિષય:–** બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે : **વિ.વકીલશ્રી આર.બી.પરમાર**
સામાવાળા તરફે : **વિ.એ.પી.પી.શ્રી વી.એન.માઢક**

---

**–: : ચુકાદો : :–**

1. હાલના કામના અરજદાર/આરોપીએ ભેંસાણ પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૦૭૨૫૦૨૨૫/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૧૦૩(૧), ૧૦૯, ૨૯૬(બી), ૩૨૬(એફ), ૩૫૧(૨), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા અરજી કરેલ છે.

2. અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી હાજર રહેલા છે. અરજદાર તરફે વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધુ.

3. આ કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે વિ.એડી.પી.પી. શ્રી હાજર થયેલ છે. અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૭ થી સોગંદનામું રજુ કરેલ છે જે ધ્યાને લીધુ.

4. અરજદાર તરફે વિ.વકીલશ્રીએ હાલની અરજી મુજબ રજુઆત કરેલી છે વધુમા વિ.વ.શ્રીએ જણાવેલ છે કે ચાર્જશીટ થઈ ગયેલ છે, કેસ કમીટ થઈ ગયેલ છે, આરોપી ૦૬/૧૦/૨૫થી જેલમાં છે, અગાઉ જામીન અરજી નામંજુર થયેલ છે, આરોપી સામેનો ચાર્જ ટકી શકે તેમ નથી, ડીસ્ચાર્જ અરજી આપેલ નથી, પરંતુ દાખલ કરવાના છે, ફરીયાદીએ ત્રણ નામ આપ્યા હતા, આરોપીની બેનને ફરીયાદી ભગાડી ગયેલ જેના ઉશ્કેરાટમાં ગુનો બનેલાનો આરોપ છે, ફરીયાદી ઘરે ગયા, ૧૦૮માં ભેસાણ દાખલ થયા, જયાં કોઈનું નામ આપેલ નથી, જુનાગઢ આરોપીઓના નામ આપેલ નથી, ફરીયાદીનું ૧૬૪ ના નિવેદનમાં હકીકત ખોટી જણાવેલ છે, ફરીયાદી પોતે ઈ.પી.કો.કલમ ૩૭૬ના આરોપી છે, આરોપી નં.૩નાએ ફરીયાદી સામે ૩૭૬ની ફરીયાદ કરેલ છે પણ

એફઆઈઆરમાં જણાવેલ બે સહ આરોપીઓ સામે પોલીસે ચાર્જશીટ કરેલ નથી કેમકે તે બે આરોપીઓ હાજર ન હતા, પી.એમ. નોટ સમર્થન આપતી નથી, પી.એમ. માં ૧૬ ઈજા ઓપરેશનની ઈજા છે, ઈન્કવેસ્ટ પંચનામામાં આવી ઈજા નથી, મરણ જનારે અકસ્માતે મરી ગયાના સોગંદનામા કરી ભેસાણ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિમાંથી ૫૦,૦૦૦/-ની સહાય લીધેલ છે, સાહેદોના નિવેદનો જોવામાં આવે તો તમામ હીયરસે છે કોઈ નજરે જોનાર નથી, એફએસએલ રીપોર્ટમાં બ્લડ આવેલ નથી, આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી, ચાર્જશીટ થયેલ હોવાથી ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધમકી કે લાલચ પ્રલોભન આપવાનો પ્રશ્ન નથી, ફરીયાદ પક્ષ ચોરવાડ ગામના રેહવાસી છે, હાલના કહેવાતા બનાવમાં કોઈ ગંભીર પ્રકારના હથીયારથી ઈજા થયેલ નથી અને બનાવના સંજોગો જોતા હાલનો કેસ સા-અપરાધ મનુષ્ય વધનો ગુન્હો બનતો નથી, અરજદાર આરોપીનો ભુતકાળ સ્વચ્છ અને ચોખ્ખો હોય તેમના પરીવારની જાવબદારી તેમના શીરે હોય અને તેમના સિવાય બીજુ કોઈ કમાનાર વ્યકિત ન હોય અને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો અરજદારીને આર્થીક રીતે મુશ્કેલીનો સામનો કરવો પડશે અને સામાજીક માન મર્યાદા અને ઈજ્જત આબરૂને ઠેસ પહોંચશે. જેથી અરજદાર/આરોપીએ જામીન મુકત કરવા અરજી કરેલ છે.

5. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ અરજદર/આરોપીની રેગ્યુલર જામીન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે ફરીયાદીના ભાઈ મહેશને આરોપી નં.૧ ના બહેન રસીલાબેન સાથે પ્રેમ સબંધ હતો અને કોર્ટ મેરેજ કરેલ હતા જે બાબતેનું મનદુખ રાખી હુમલો કરી ધારીયા વડે ઈજા કરેલ છે આરોપીએ પોતાના હવાલાની મોટરસાયકલ આ કામના ફરીયાદી તથા સાહેદ બધાભાઈ ઉપર મારી નાખવાના ઈરાદે ચડાવવાની કોશીશ કરી ફરીયદી હટી જતા આ મોટરસાયકલ સાહેદ ઉપર ચડાવી નીચે પછાડી દઈ

માથાના પાછળના ભાગે ગંભીર જીવલેણ ઈજા કરેલ છે અને ફરીયાદીની મોટરસાયકલને સળગાવી દીધેલ છે અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે, ડીસ્ચાર્જની કોઈ અરજી નથી, લોખંડના ધારીયામાં બ્લડ નથી પણ હથીયાર ના મળે તો પણ ગુનો બન્યો નથી તેવુ અનુમાન થતુ નથી, હથીયાર મળેલ છે. આરોપીને જો જામીનમુકત કરવામાં આવે તો ફરી વખત ઝગડો તકરાર થશે અને જનુનમા આવી જઈ મોટો ગુનો કરે તેવી પુરેપુરી દહેશત છે અને જામીન મળશે તો આરોપી નાશી ભાગી જશે જેથી વધુ ગંભીર ગુનો બને તેવી શકયતાને ધ્યાને લઈને જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

6. પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાથે રેકર્ડ ઉપરની હકીકતને ધ્યાને લેવામા આવે તો આરોપી સામે ગંભીર ગુનાનો આરોપ છે. જે રીતે અને પ્રકારે ગુનો આચરવામા આવેલ છે તે ધ્યાને લેતા આરોપીની જામીન મુકિતથી સમાજમા અને ખાસ કરીને ફરીયાદી અને સાહેદોમા ભય ઉભો થાય, સુલેહ શાંતિનો ભંગ થાય, જાહેર સલામતી જોખમાય તેવી આશંકા આધારવિહિન જણાતી નથી. ફરીયાદની વિગતે આરોપી સામે આક્ષેપ છે કે ફરીયાદી જુની ધારી ગુંદાળી ગામે પાનના ગલ્લે ઉભેલા હતા ત્યારે આરોપી મોટર સાયકલ લઈને ત્યાં આવેલો અને જાણી જોઈને ફરીયાદીને ઝઘડો કરવાના ઈરાદે ફરીયાદીને ખભો અથડાવેલ. બાદ ફરીયાદી તેમની મોટર સાયકલ લઈને ઘર તરફ જતા હતા ત્યારે આરોપીએ તેની મોટર સાયકલ વડે ફરીયાદીનો રસ્તો આતરીને ઉભા રહી ગયેલ અને ગાળો બોલવા લાગેલા અને ફરીયાદીને ધમકી આપવા લાગેલા. ફરીયાદની વિગતે આરોપી વધુ ઉશકેરાઈને પોતાની મોટર સાયકલની બેગમા પડેલ લોખંડનુ ધારીયુ લઈને ફરીયાદી ઉપર

જીવલેણ ઘા મારેલ. જેમા એક હાથ ઉપર મારેલ. જયારે બીજો ઘા માથા ઉપર મારવા જતા ફરીયાદીએ તે ઘા રોકી લેતા ફરીયાદીના ડાબા હાથની ટચલી આંગળીના ભાગે વાગેલ. તે સમયે ફરીયાદીના કૌટુંબીક મામા એટલે કે આ કામે મરણ જનાર ફરીયાદીની નજીક આવીને ઉભા રહેતા આરોપી તેની મોટર સાયકલ લઈને ફરીયાદીથી થોડે દુર જતો રહેલ અને પછી મોટર સાયકલને યુ ટર્ન મારી, પુરપાટ ઝડપે ફરીયાદી તરફ મોટર સાયકલ હંકાવેલ. જેથી મોટર સાયકલનુ આગળનુ પૈડુ ફરીયાદીના દુરના કૌટુંબીક મામા એટલે કે મરણ જનાર બધાભાઈના બે પગની વચ્ચે જોરથી લગાડી તેમને પછાડી દીધેલા. જેથી સદર મરણ જનાર પીઠ ઉપર પડવાથી માથાના ભાગે જોરથી પછડાટ લાગવાથી તેઓ ત્યાં જ બેભાન થઈ ગયેલ. આમ છતાં આરોપી ફરી તેની ગાડી લઈને ફરીયાદીને મારવા માટે આવતા હતા. તેથી આજુબાજુના ઉભેલા લોકોએ સમજ કરતા ફરીયાદી તેની મોટર સાયકલ ઘટના સ્થળે મુકીને જતા રહેલા. એટલુ જ નહીં ફરીયાદીના જતા રહયા બાદ પણ આરોપી ધ્વારા ફરીયાદીની મોટર સાયકલ કે જે બનાવ સ્થળે પડી રહેલ હતી તેને સળગાવી દીધેલ. ફરીયાદની વિગતે ફરીયાદીએ ઘરે જઈને ૧૦૮ મા ફોન કરી પોતે સારવાર માટે ભેંસાણ સિવિલ હોસ્પિટલમાં આવેલા. જયાંથી તેઓ સારવાર માટે જુનાગઢ ગયેલા. જયારે આ કામના મરણ જનારને જુનાગઢ અને ત્યાંથી રાજકોટ સારવાર માટે લઈ જવામા આવેલા. પરંતુ તેઓ તા.૧૫-૬-૨૦૨૫ ના રોજ મરણ ગયેલ.

7. આ કામના અરજદાર/આરોપીએ ચાર્જશીટ થયા બાદ અગાઉ અત્રેની અદાલતમાં ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૭/૨૦૨૫ થી રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી જે અરજી અત્રેની અદાલત ધ્વારા નામંજુર

કરવામાં આવેલ છે. આ અરજી કર્યા બાદ અરજદાર/આરોપી ધ્વારા હાલની આ બીજી વખતની જામીન અરજી દાખલ કરેલ છે. હાલની અરજીમાં કોઈ નવા કારણો દર્શાવેલ નથી અને અગાઉ જામીન અરજી નામંજુર થયા બાદથી હાલની અરજી દાખલ થતા સુધી સંજોગોમાં કોઈ બદલાવ થયેલ નથી કે નવા કોઈ સંજોગો ઉભા થયેલ નથી. આરોપી પક્ષે ઉપર જણાવ્યા મુજબ ફરીયાદ પક્ષના સાહેદોના પોલીસ નિવેદનો વિગેરે તરફ ધ્યાની દોરી ખોટો કેસ કરેલ હોવાનુ જણાવે છે. પરંતુ સદર કામે ચાર્જશીટ થઈ ગયેલ છે ત્યારે અદાલત આ તબકકે પુરાવાનું મુલ્યાંકન કે છણાવટ ન કરી શકે, પરંતુ આરોપી સામે પ્રથમ દશ્રૃનીય ગુનો બને છે.

8. આમ, આરોપી ધ્વારા જે રીતે અને પ્રકારે પુર્વ તૈયારી સાથે ફરીયાદી ઉપર પ્રાણઘાતક હુમલો કરેલ છે અને ફરીયાદીના સગાનુ મૃત્યુ નીપજાવેલ છે. તેને ધ્યાને લેતા આરોપી ઝનુની સ્વભાવના હોવાનુ માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં માત્ર તપાસ પુર્ણ થઈ ગયેલ છે તેથી આરોપીને જામીન મુકત કરવા યોગ્ય હાલનો કેસ જણાતો નથી. આરોપીની જામીન મુકિતથી સમાજમાં ભયનુ વાતાવરણ ઉભુ થાય, ફરીયાદી અને સાહેદોમાં ભયનુ વાતાવરણ ઉભુ થાય, તેઓના જીવના ઉપર જોખમ ઉભુ થાય તેવી શકયતાઓની સાથે સાથે વધુ ગંભીર ગુનો બનવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. આરોપીની જામીન મુકિતથી જાહેર સલામતી અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી. ઉપરાંત સંજોગોમાં કોઈ બદલાવ થયેલ ન હોય કે નવા કોઈ સંજોગો ઉભા થયેલ ન હોય જે સંજોગોમાં આરોપીની તરફેણમા પોતાની મુનસફીની સત્તાનો ઉપયોગ કરવા યોગ્ય પ્રસ્તુત કેસ જણાતો નથી અને તેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા

આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. સાતમી, માહે–સાતમી માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૦૭.૦૩ .૨૦૨૬
સ્થળ : વિસાવદર.

**( હેતલકુમાર વિનોદરાય જોશી )**
ચોથા એડીશનલ સેસન્સ જજ, વિસાવદર.
કોડ નં.જીજે.૦૦૫૯૯